<u>ક્રિમિનલ અપીલ નં.૧૮૬/૨૦૨૬</u>

<u>-:: આંક-૧ લગત હુકમ ::-</u>

(૧) એપેલેન્ટે હાલની અપીલ આણંદના વિ.ત્રીજા એડી.ચીફ જ્યુડી.મેજી સાહેબશ્રીએ ક્રિમિનલ કેસ નં.૪૨૪/૨૦૨૩ ના કામે તા.૦૭-૦૪-૨૦૨૬ ના રોજ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧ ૩૮ મુજબના શિક્ષાપાત્ર ગુના સબબ તકસીરવાન ઠરાવી ૨ (બે) માસની સાદી કેદની સજા તથા રૂા.૩,૦૦,૦૦૦/-(અંકે રૂપિયા ત્રણ લાખ પુરા) ફરીયાદીને વળતર ચુકવવાનો અને જો આરોપી વળતરની રકમ ચુકવવામા કસુર કરે તો આરોપીએ વધુ ૧૫ (પંદર) દિવસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરેલ, તે હુકમથી નારાજ થઈને એપેલેન્ટે હાલની આ અપીલ ભારતીય નાગરીક સુરક્ષા સં હીતાની કલમ-૪૧૫ મુજબ આ અદાલતમાં દાખલ કરેલ છે.

(૨) એપેલેન્ટ-મુળ આરોપીની અપીલ દાખલ થતાં, આ કામના રીસ્પોન્ડન્ટને આ અદાલત સમક્ષ હાજર રહેવા માટે નોટીસ કાઢવામાં આવેલી અને રીસ્પોન્ડન્ટ નં.૧ તેઓની જાતે કોર્ટ રૂબરૂ હાજર થયેલા છે.

(૩) ત્યારબાદ બંને પક્ષકારોએ હાજર થઈ, આંક-૯ થી સમાધાન પુરસીસ આપી સદર અપીલ આગળ ચલાવવા માંગતા ના હોય એપેલન્ટ વિરૂધ્ધ ટ્રાયલ કોર્ટે કરેલ સજાનો હુકમ રદ કરવા જાહેર કરેલ છે.

(૪) ઉપરોકત બંને પક્ષકારોની રજૂઆતો સાથે હાલની અપીલ તથા આંક- ૯ ની સમાધાન પુરસીસ વંચાણે લીધી. સાથે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટના પ્ર બંધો ધ્યાને લેતાં, સદર એકટમાં થયેલ સુધારા મુજબ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબના શિક્ષાપાત્ર ગુનાને સમાધાનપાત્ર ગુનો ગણવામાં આવેલો છે. જો અપીલ અદાલત સમક્ષ પણ સમાધાન થાય તો પણ સમાધાન અન્વયે અપીલનું પરિણામ લાવી શકાય છે. હાલની આ પ્રસ્તૃત અપીલના કામે એપેલેન્ટે મૂળ ફરીયાદી સાથે સમાધાન કરેલું છે અને તે સમાધાન આ અપીલના કામે રજૂ થયેલ છે, અને પક્ષકારો વચ્ચે ચેકની રકમ બાબતે સમાધાન થયેલ છે અને સમાધાનમાં નકકી થયેલ રકમ એપેલેન્ટે મૂળ ફરીયાદી/રીસ્પોન્ડન્ટ નં.૧ને ચુકવી આપેલ છે, તેથી એપેલેન્ટનો આશય અપીલના તબકકે પણ નાણાં ચુકવીને સમાધાન કરવાનો હોય તેવું જણાય છે. ઉપરાંત મૂળ ફરીયાદી/રીસ્પોન્ડન્ટ પણ સમાધાન કરવા તૈયાર થયેલા છે અને સમાધાન મુજબના નાણાં એપેલેન્ટે અપીલના તબકકે ચુકવી આપેલા છે અને તે નાણાં મળતાં રીસ્પોન્ડન્ટે સમાધાન સ્વીકાર કરેલ છે. તથા પક્ષકારોને સમાધાન પુરસીસ વાંચી, સંભળાવતાં સમાધાન સ્વેચ્છાએ કબૂલ, મંજુર હોવાનું જણાવેલ છે જે ધ્યાને લેતાં, સમાધાન રેકર્ડ કરી, યોગ્ય હુકમ કરવો ન્યાયોચિત જણાય છે. વધુમાં નામદાર સુપ્રિમ કોર્ટે **"દામોદર એસ.પ્રભુ વિરૂદ્ધ સૈયદ બાબાલાલ,૨૦૧૦" (0) AIJEL-SC-48299** ના કેસમાં આપેલ ગાઈડ લાઈન મુજબ

નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ અન્વયે સજાની અપીલના સમાધાનમાં ચેકની રકમના ૧૫ % રકમ કોસ્ટ પેટે ભરવા હુકમ કરી શકાય પરંતુ લોક અદાલતને પ્ર ોત્સાહન મળે તે પાસાને ધ્યાનમાં લેતા આ કિસ્સામાં ઉપર મુજબ કોસ્ટનો હુકમ કરવામાં આવેલ નથી.

આમ ઉપરોકત સંજોગોમાં ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરું છું.

## -: **આખરી હુકમ** :-

(૧) આંક-૯ની સમાધાન પુરસીસ આધારે સદર અપીલ સમાધાનથી ફેંસલ કરી, આણંદના વિ.ત્રીજા એડી.ચીફ જયુડી.મેજી સાહેબશ્રીએ ક્રિમિનલ કેસ નં .૪૨૪/૨૦૨૩ ના કામે તા.૦૭-૦૪-૨૦૨૬ ના રોજ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબના શિક્ષાપાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવી ફરમાવેલ સજા તથા દંડની શિક્ષાનો કરેલ હુકમ આથી રદ કરવામાં આવે છે અને એપેલન્ટ (મુળ આરોપી)ને આ ગુના સબબ છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ ચુકાદાની એક પ્રમાણિત નકલ ટ્રાયલ કોર્ટને પરત મોકલી આપવી તથા જો ટ્રાયલ કોર્ટનું રેકર્ડ સદર અપીલના કામે આવેલ હોય તો પરત મોકલી આપવું.

(૩) પાસપોર્ટ જમા હોય તો પરત કરવો.એપેલેન્ટ/આરોપીએ દંડ ભરેલ હોય તો તેને પરત કરવો.

(૪) રોકડ ડિપોઝીટ જમા હોય તો પક્ષકારની રજુઆત મુજબ પરત કરવી.

(૫) બેલ બોન્ડ આથી રદ ગણવા.

આ હુકમ આજરોજ તારીખ: ૧૧મી માહે: જુલાઈ સને: ૨૦૨૬ના રોજ નેશનલ લોક અદાલતમાં જાહેર કર્યો

આણંદ.

તા.૧૧-૦૭-૨૦૨૬

**(એસ.એલ.ઠકકર)**
સત્ર ન્યાયાધીશ
આણંદ.
(કોડ નં.જી.જે.૦૦૫૮૮)